**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક–**

| | | | |
|---|---|---|---|
| (અ) | કેસનો અનુક્રમ નંબર | :– | **૭૮૩/૨૦૨૦** |
| (બ) | ગુન્હો બન્યાની તારીખ | :– | |
| (ક) | ફરીયાદીનું નામ | :– | **શ્રી સરકાર** |
| (ડ) | આરોપીઓના નામ અને સરનામું | :– | **પ્રજ્ઞેશ કનુભાઈ પંચાલ** |
| (ઈ) | ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ | :– | **ઈ.પી.કોડ કલમ–૨૭૯ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ** |
| (ફ) | આરોપીનો જવાબ અને તપાસણી | :– | |

સવાલઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– મને ગુનો કબુલ છે.

...................................................

**મારી રૂબરૂ**

**અમદાવાદ** **ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**તા. ૦૮.૦૨.૨૦૨૦** **અમદાવાદ**

(૧) આ કામમાં એફ ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ કલમ–૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ સ્પેશ્યલ સીટીંગમાં ગુના કબુલાત પુરસીસ આંક ૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૦૩ થી પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે અને તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>હુ ક મ</u>**

ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ.પી.કોડ કલમ–૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી **રૂ. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો)** પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૩–દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૦૮.૦૨.૨૦૨૦